# ભારતમાં ટીવીએસ શ્રીચક્ર ટાયર્સ કંપનીના દેવાં-ઈક્વિટી ગુણોત્તરનું વિશ્લેષણ (2007-08 થી 2016-17)

જીનલબેન ધનસુખભાઈ ટંડેલ

**સંશોધનસાર**

પ્રસ્તુત અભ્યાસ માટે પસંદ કરેલ કંપની BSE અને NSE માં નોંધાયેલ છે. તેના વાર્ષિક હિસાબો પ્રકાશિત થતા હોય છે. આથી 'ભારતમાં ટીવીએસ શ્રીચક્ર ટાયર્સ કંપનીના દેવાં-ઈક્વિટી ગુણોત્તરનું વિશ્લેષણ' વિષય પર સંશોધન કાર્ય હાથ ધર્યું હતું. જેમાં કેટલાક હેતુઓ નક્કી કરવામાં આવ્યા હતા. આ હેતુઓ આધારીત કંપનીઓના પ્રકાશિત થતા વાર્ષિક હિસાબોમાંથી ગૌણ માહિતી પ્રાપ્ત કરવામાં આવી હતી. ત્યારબાદ પ્રાપ્ત કરેલ માહિતીના આધારે ગુણોત્તર વિશ્લેષણ અને વલણ વિશ્લેષણ જેવી નાણાકીય અને આંકડાકીય પધ્ધતિનો ઉપયોગ કરી સંશોધનને વૈજ્ઞાનિક ઓપ આપવામાં આવ્યો હતો. પ્રસ્તુત સંશોધનના નીચે મુજબ મુખ્ય તારણો મળ્યા હતા.

1. ટીવીએસ શ્રીચક્ર ટાયર્સ કંપનીએ સંપુર્ણ નાણાકીય મજબૂતાઈ જાળવી રાખી છે.
2. ટીવીએસ શ્રીચક્ર ટાયર્સ કંપનીએ નફાકારકતા જાળવી રાખી છે.
3. ટીવીએસ શ્રીચક્ર ટાયર્સ કંપનીનું પર્ફોમન્સ પ્રગતિના પંથે છે.
4. ટીવીએસ શ્રીચક્ર ટાયર્સ કંપનીનું ભાવિ ઉજળુ છે.
5. ટીવીએસ શ્રીચક્ર ટાયર્સ કંપનીની આર્થિક સધ્ધરતા સારી છે.
6. ટીવીએસ શ્રીચક્ર ટાયર્સ કંપનીનું પર્ફોમન્સ પ્રગતિના પંથે છે.

કંપનીમાં દેવાં કરતાં ઈક્વિટીનું પ્રમાણ વધારે જોવા મળે છે. કંપનીએ પોતાની આર્થિક સધ્ધરતા જાળવી રાખી છે. કંપનીએ પોતાની નફાકારકતા જાળવી રાખી છે. આ કંપનીનો દેવાં-ઈક્વિટી ગુણોત્તર સમગ્ર સમયગાળા દરમિયાન સારો હતો. દેવાં-ઈક્વિટી ગુણોત્તર સમગ્ર સમયગાળા દરમિયાન હકારાત્મક ક્ષેત્રે હતો. 92% ના સ્તરે કહી શકાય કે દેવાં-ઈક્વિટી ગુણોત્તરમાં 0.27% ના દરે દર વર્ષે ઘટાડો જોવા મળે છે. કંપનીમાં દેવાં કરતાં ઈક્વિટીનું પ્રમાણ વધારે જોવા મળે છે. કંપનીએ પોતાની આર્થિક સધ્ધરતા જાળવી રાખી છે. કંપનીએ પોતાની નફાકારકતા જાળવી રાખી છે. ભવિષ્યમાં પણ કંપનીની નફાકારકતા અને આર્થિક સધ્ધરતા સારી રેહશે.

## ૧. પ્રસ્તાવના

ટીવીએસ એ ભારતના સૌથી મોટા વૈવિધ્યસભર ઔદ્યોગિક સંગઠનોમાંનું એક છે, જેનું મુખ્ય મથક મદુરાઈમાં આવેલું છે અને ચેન્નાઈમાં આંતરરાષ્ટ્રીય મથક છે. સૌથી મોટી અને સૌથી વધુ દેખાતી પેટાકંપની એ ટીવીએસ મોટર કંપની છે, જે ભારતમાં ત્રીજી સૌથી મોટી ટુ-વ્હીલર અને ત્રણ-વ્હીલર ઉત્પાદક છે. ટીવીએસ ગ્રુપ, 7.2 અબજ અમેરિકન ડોલરથી વધુની ગ્રૂપ આવક ધરાવતી, ઓટોમોટિવ જૂથ કંપની છે, ટીવીએસ શ્રૃંખ્રા એ ટીવીએસ જૂથના અગ્રણી ઓટો આનુષંગિક જૂથોમાંનો એક છે. જુનિયરમાં શામેલ. 82 શ્રીચરેક ટાયર્સ (એસટીએલ) ને આર. નરેશ ટી. વી. સુંદરમ આયંગર એન્ડ સન્સ અને સુંદરમ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. ઓક્ટોબર 1997 ના રોજ કંપનીનું નામ બદલીને ટીવીએસ શ્રીચક્ર ટાયર્સ લિમિટેડ તરીકે કરવામાં આવ્યું હતું. કંપની બે-વ્હીલર ચક્રીય વાહન અને અન્ય ઔદ્યોગિક ટાયર્સનું ઉત્પાદન કરે છે. 1995-96 માં કંપનીએ તેની ઉત્પાદન ક્ષમતા વધારીને 33 લાખ પાઉન્ડ કરી. નિત્ય સર્વમંગલા ટ્રેડિંગ એન્ડ હોલ્ડિંગ લિ. અને ટીવીએસ શ્રીક્રા હોલ્ડિંગ્સ લિ. તેની પેટાકંપની છે. કંપનીએ 1999-2000 દરમિયાન મેગા સ્ટાર નામની નવી મૉમ્પડ ટાયર શરૂ કરી હતી. કંપનીને આઈએસઓ 9001 અને આઈએસઓ 14001 સાથે માન્યતા આપવામાં આવી છે અને ટી.પી.એમ. એક્સેલન્સ પુરસ્કાર જીત્યો છે. નાણાકીય વર્ષ 2015 દરમિયાન કંપનીએ ઑફ-હાઈવે ટાયરની વેચાણ માટે નવા બજારોમાં પ્રવેશ કર્યો અને

તેના ટુ-વ્હીલર ટાયર વિતરણ ચેનલોનો વિસ્તાર કર્યો. આ કંપની પોતાના માટે એક ઊંચ્ચ સ્થાન પ્રાપ્ત કરવાની ક્ષમતા ધરાવે છે, પોતાનું કદ વિસ્તુત કરવા આગળ જોઇ રહી છે આમ, ટીવીએસ શ્રીચક્ર ટાયર્સ કંપનીનું ઔદ્યોગિક ક્ષેત્રે ઘણું પ્રદાન છે. ભારતીય અર્થતંત્રના વૃધ્ધિ અને વિકાસમાં આ ટીવીએસ શ્રીચક્ર ટાયર્સ કંપનીની અસર કેવી થઈ છે ? આ કંપનીનું ભાવિ કેવું હશે ? આ કંપનીની નાણાકીય કામગીરી કેવી છે ? આ કંપનીની નફાકારકતા કેવી છે ? આ કંપનીની આર્થિક સધ્ધરતા કેવી છે? વગેરે જેવા પ્રશ્નોના ઉત્તર મેળવવા માટે સંશોધકે પ્રસ્તુત અભ્યાસ માટે 'ભારતમાં ટીવીએસ શ્રીચક્ર ટાયર્સ કંપનીના દેવાં-ઈક્વિટી ગુણોત્તરનું વિશ્લેષણ (2007-08 થી 2016-17)' વિષય પસંદ કર્યો હતો.

## ૨. સંશોધનની સમસ્યા

અધ્યેતાએ નીચે જણાવેલ સંશોધનની સમસ્યા પસંદ કરેલ હતી. "ભારતમાં ટીવીએસ શ્રીચક્ર ટાયર્સ કંપનીના દેવાં-ઈક્વિટી ગુણોત્તરનું વિશ્લેષણ (2007-08 થી 2016-17)"

## ૩. સંશોધનના હેતુઓ

પ્રસ્તુત સંશોધન માટે નીચે જેવા હેતુઓ નિર્ધારિત કર્યા હતા.

1. ટીવીએસ શ્રીચક્ર ટાયર્સ કંપનીની નાણાકીય કામગીરીનું વિશ્લેષણ અને મૂલ્યાંકન કરવા
2. ટીવીએસ શ્રીચક્ર ટાયર્સ કંપનીની વૃધ્ધિ અને વિકાસ જાણવા
3. ટીવીએસ શ્રીચક્ર ટાયર્સ કંપનીનું ભવિષ્ય ઊજળુ હશે કે નબળુ હશે તે જાણવા.
4. કંપનીનું વર્ષ દરમિયાનનું પરફોર્મન્સ કેવું છે પ્રગતિના પંથે છેકે સ્થિરતાના , પંથે છે, અધોગતિના પંથે છે તે જાણવા.
5. ટીવીએસ શ્રીચક્ર ટાયર્સ કંપનીની વેચાણ સંદર્ભમાં નફાકારકતા જાણવા .
6. ટીવીએસ શ્રીચક્ર ટાયર્સ કંપનીની આર્થિક સધ્ધરતા જાણવા.

## ૪. સંશોધનનું મહત્વ

કોઈ પણ સંશોધન સમસ્યાનો ઉકેલ શોધવા માટે કરવામાં આવે છે. પ્રસ્તુત સંશોધનનું મહત્વ નીચે પ્રમાણે સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

1. પ્રસ્તૃત સંશોધન રોકાણકારોને ઉપયોગી બનશે આ કંપનીમાં શૅરમાં રોકાણ કરવું ફાયદાકારક છે કેતે અંગેનો .નુકશાનકારક છે . નિર્ણય લેવામાં ઉપયોગી બનશે .
2. પ્રસ્તૃત સંશોધન બેન્ક નાણા ધીરનારાઓને પણ આ કંપનીમાં ધિરાણ કરવા અંગેના મહત્વના નિર્ણયો લેવામાં મદદરુપ બનશે.
3. પ્રસ્તૃત સંશોધન રીસર્ચ સ્કોલરને પણ સંદર્ભસાહિત્ય તરીકે યોગ્ય નિર્ણય લેવામા મદદ રૂપ બનશે .
4. પ્રસ્તૃત સંશોધન સરકારને મહત્વના નિર્ણયો લેવામાં અને કરવેરા અધિકારીઓને પણ કરનું આયોજન કરવામાં ઉપયોગી બનશે .
5. પ્રસ્તૃત સંશોધન બિઝનેશમેન પણ કે જેઓ ટાયર કંપની સાથે સંકળાયેલા છેકંપનીનું નાણાકીય કામગીરીનું પર્ફોમન્સ જાણી . વધારો કરવાનો હ-અને જે કાંઈ સુધારો .શકશેોય તેના વિશે યોગ્ય નિર્ણય લઈ શકશે.

## ૫. સંશોધનનું સીમાંકન

1. સંશોધન વિશાળ ક્ષેત્ર છે. તેમાં સમય, શક્તિ અને નાણાનો વ્યય થાય છે. પ્રસ્તૃત સંશોધનમાં નીચે જેવી મર્યાદાઓ બની રહી હતી.
2. પ્રસ્તૃત સંશોધન પસંદ કરેલ ટીવીએસ શ્રીચક્ર ટાયર્સ કંપની પૂરતું મર્યાદિત હતો.

3. પ્રસ્તુત સંશોધન ટીવીએસ શ્રીચક્ર ટાયર્સ કંપનીના પ્રકાશિત થતા વાર્ષિક હિસાબો પરથી મેળવેલ ગૌણ ડેટા પર આધારિત હતો.
4. પ્રસ્તુત સંશોધન 2007-08 થી 2016-17 નો સમયગાળો પૂરતો મર્યાદિત હતો.
5. પ્રસ્તુત સંશોધન કંપનીના નાણાકીય કામગીરીનું વિશ્લેષણ કરવા માટે દેવાંઇક્વિ-ટી ગુણોત્તરનું વિશ્લેષણ અને વલણ વિશ્લેષણ જેવી પધ્ધતિ પૂરતો મર્યાદિત હતો.

### ૬. અભ્યાસના ક્ષેત્રની પસંદગી

ભારતમાં ટાયર બનાવતી ઘણી કંપનીઓ છે. જે BSE, NSE માં નોંધાયેલી છે. પ્રસ્તુત અભ્યાસ માટે ટીવીએસ શ્રીચક્ર ટાયર્સ કંપનીને પસંદ કરવામાં આવી હતી. આ કંપની BSE, NSEમાં નોંધાયેલ છે આ કંપનીના વાર્ષિક હિસાબો સરળતાથી મળી રહે છે. આ કંપની બે-વ્હીલર ચક્રીય વાહન અને અન્ય ઔદ્યોગિક ટાયર્સનું ઉત્પાદન કરે છે. નાણાકીય વર્ષ 2015 દરમિયાન કંપનીએ ઑફ-હાઈવે ટાયરની વેચાણ માટે નવા બજારોમાં પ્રવેશ કર્યો . ભારતના સૌથી મોટા ટાયર ઉત્પાદકોમાંનું એક છે . કંપની વિશાળ શ્રેણીના વાહનો માટે ઉચ્ચ-પ્રદર્શન ટાયર્સનું ઉત્પાદન કરે છે. આ કંપનીના શેરનું મૂલ્ય પણ ઊંચુ છે. ઘણા વર્ષોથી આ કંપની પોતાના માટે એક ઊંચ્ચ સ્થાન પ્રાપ્ત કરવાની ક્ષમતા ધરાવે છે. આમ, ટીવીએસ શ્રીચક્ર ટાયર્સ કંપનીનું ટાયર ઉધ્યોગ ક્ષેત્રે ઘણું પ્રદાન છે. આમ, CEAT TYRES કંપની આ હેતુપુર્વક પસંદગી કરવામાં આવી હતી.

### ૭. માહિતી એકત્રીકરણની રીત

પ્રસ્તુત સંશોધન ગૌણ ડેટા આધારીત હતો. પસંદ કરેલ કંપની BSE, NSEમાં નોંધાયેલ છે. તેના હિસાબો પ્રકાશિત થતા હોય છે. આ કંપનીના પ્રકાશિત થતા વાર્ષિક હિસાબોમાંથી ગૌણ ડેટા મેળવવામાં આવ્યા હતા.

### ૮. અભ્યાસના સમયગાળો

પ્રસ્તુત સંશોધનનો સમયગાળો 2007-08 થી 2016-17 નો પસંદ કરવામાં આવ્યો હતો.

**પૂર્વધારણા**

Ho ભારતમાં ટીવીએસ શ્રીચક્ર ટાયર્સ કંપનીના દેવાંઇક્વિટી ગુણોત્તરના વલણમાં કોઇ તફાવત નથી-

H1 ભારતમાં ટીવીએસ શ્રીચક્ર ટાયર્સ કંપનીના દેવાં.ઇક્વિટી ગુણોત્તરના વલણમાં તફાવત છે-

### ૯. માહિતીનું વિશ્લેષણ

ગુણોત્તર વિશ્લેષણ દ્વારા પ્રાપ્ત કરેલ ગૌણ માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. પસંદ કરેલ ટીવીએસ શ્રીચક્ર ટાયર્સ કંપનીના વાર્ષિક હિસાબોના આધારે દેવાં-ઇક્વિટી ગુણોત્તર શોધી અર્થઘટન કરવામાં આવ્યું હતું.

### ૧૦. દેવાંઇક્વિટી ગુણોત્તરનું વિશ્લેષણ-

ગુણોત્તર વિશ્લેષણ દ્વારા પ્રાપ્ત કરેલ ગૌણ માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતુંપસંદ કરેલ ટીવીએસ શ્રીચક્ર ટાયર્સ . કંપનીના વાર્ષિક હિસાબોના આધારે દેવાં .ઇક્વિટી ગુણોત્તર શોધી અર્થઘટન કરવામાં આવ્યું હતું-

ધંધામાં માલિકીના ભંડોળોના પ્રમાણમાં દેવાં કેટલાં છે તે જાણવા આ ગુણોત્તર ઉપયોગી છે.

દેવાં કુલ દેવાં = ઇક્વિટી ગુણોત્તર-× 100 / ઇ.શેર માલિકી ભંડોળો

દેવાં ઇક્વિટી-ગુણોત્તર વિશ્લેષણ દર્શાવતો કોષ્ટક નીચે મુજબ છે.

**કોષ્ટક નં 1**

| વર્ષ | કુલ દેવાં (કરોડ) | ઇ.શેર મલિકી ભંડોળો(કરોડ) | દેવાં- ઇક્વિટીગુણોત્તર |
|---|---|---|---|
| 2007-08 | 158.55 | 59.14 | 2.68 |

| | | | |
|---|---|---|---|
| 2008-09 | 157.22 | 64.97 | 2.42 |
| 2009-10 | 174.45 | 85.83 | 2.03 |
| 2010-11 | 226.76 | 113.84 | 2.00 |
| 2011-12 | 303.03 | 141.58 | 2.14 |
| 2012-13 | 222.35 | 170.54 | 1.30 |
| 2013-14 | 265.00 | 203.65 | 1.30 |
| 2014-15 | 175.90 | 276.29 | 0.64 |
| 2015-16 | 116.40 | 418.51 | 0.28 |
| 2016-17 | 299.89 | 574.98 | 0.52 |

પ્રાપ્તિસ્થાન : વાર્ષિક અહેવાલ www.tvssrichakratyrescompany.com

ઉપરોક્ત કોષ્ટકના આધારે કહી શકાય કે શરૂઆતના ચાર વર્ષોમાં કંપનીના દેવાં-ઈક્વિટી ગુણોત્તરમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. ત્યારબાદના બાદના ચાર-પાંચ વર્ષોમાં કંપનીના દેવાં-ઈક્વિટી ગુણોત્તરમાં સતત ઘટાડો થઈ રહ્યો છે અને અભ્યાસનું છેલ્લા વર્ષમાં દેવાં-ઈક્વિટીનો ગુણોત્તરમાં વધારો જોવા મળે છે. આથી કહી શકાય કે શરુઆતના ચાર વર્ષોમાં કંપનીમાં માલિકીના ભંડોળોના પ્રમાણમાં દેવાં ઓછા પ્રમાણમાં છે. કંપનીની આર્થિક સધ્ધરતા વધી રહી છે ત્યારબાદના ચાર-પાંચ વર્ષોમાં કંપનીમાં માલિકીના ભંડોળોના પ્રમાણમાં દેવાં ઓછા પ્રમાણમાં છે કંપનીની આર્થિક સધ્ધરતા સતત વધી રહી છે અને છેલ્લા વર્ષમાં કંપનીની આર્થિક સધ્ધરતા ઘટી રહી છે. આથી કહી શકાય કે કંપનીમાં માલિકીના ભંડોળોના પ્રમાણમાં દેવાંનું પ્રમાણ ઓછું જોવા મળે છે. દેવાં-ઈક્વિટી ગુણોત્તરનો દર જાળવી રાખ્યો છે. કંપનીએ પોતાની આર્થિક સધ્ધરતા અને નફાકારકતા જાળવી રાખી છે.

**૧૧. દેવાંઈક્વિટી ગુણોત્તરનું વલણ વિશ્લેષણ-**


વલણ વિશ્લેષણ દ્વારા પ્રાપ્ત કરેલ ગૌણ માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. પસંદ કરેલ ટીવીએસ શ્રીચક્ર ટાયર્સ કંપનીના વાર્ષિક હિસાબોના આધારે દેવાં-ઈક્વિટી ગુણોત્તરનું વલણ શોધી અર્થઘટન કરવામાં આવ્યું હતું. દેવાં-ઈક્વિટી ગુણોત્તરનું વલણ વિશ્લેષણ દર્શાવતો કોષ્ટક નીચે મુજબ છે.

**કોષ્ટક નં 2**

| વર્ષ | દેવાં- ઈક્વિટી ગુણોત્તર |
|---|---|
| 2007-08 | 2.68 |
| 2008-09 | 2.42 |
| 2009-10 | 2.03 |
| 2010-11 | 2.00 |
| 2011-12 | 2.14 |
| 2012-13 | 1.30 |
| 2013-14 | 1.30 |
| 2014-15 | 0.64 |
| 2015-16 | 0.28 |
| 2016-17 | 0.52 |

દેવાં-ઈક્વિટી ગુણોત્તરનું વલણ વિશ્લેષણ દર્શાવતો ચાર્ટ નીચે મુજબ છે.

**ચાર્ટ નં 1**




ઉપરોક્ત વલણ શોધ પરીક્ષણમાંથી કહી શકાય કે દેવાં-ઈક્વિટી ગુણોત્તરની શ્રેણીમાં વલણ જોવા મળે છે ફીટ રેખીય રીગ્રેશન લાઇનથી R2 નું મૂલ્ય 0.924 છે, જેથી આપણે કહી શકીએ કે આ મોડેલ યોગ્ય છે, 92% ના કક્ષાએ કહી શકાય કે દેવાં-ઈક્વિટી ગુણોત્તરમાં ૦.27% ના દરે દર વર્ષે ઘટાડો થઈ રહ્યો છે. આથી નિષ્કર્ષ પર આવી શકાય કે દેવાં-ઈક્વિટી ગુણોત્તરની શ્રેણીમાં વલણ શોધી શકાય છે. દેવાં-ઈક્વિટી ગુણોત્તર સમગ્ર સમયગાળા દરમિયાન સારો હતો. દેવાં-ઈક્વિટી ગુણોત્તર સમગ્ર સમયગાળા દરમિયાન હકારાત્મક ક્ષેત્રે હતો. 92% ના સ્તરે કહી શકાયકે દેવાં-ઈક્વિટી ગુણોત્તરમાં 0.27% ના દરે દર વર્ષે ઘટાડો થઈ રહ્યો છે. કંપનીએ પોતાના ધંધામાં માલિકીના ભંડોળોના પ્રમાણમાં દેવાંનું પ્રમાણ જાળવી રાખ્યું છે. કંપનીમાં માલિકીના ભંડોળોના પ્રમાણમાં દેવાંનું પ્રમાણ ઓછું જોવા મળે છે. કંપનીએ પોતાની આર્થિક સધ્ધરતા અને નફાકારકતા જાળવી રાખી છે. ભવિષ્યમાં પણ કંપનીની નફાકારકતા અને આર્થિક સધ્ધરતા સારી રહશે.

## ૧૨. તારણો

1. ટીવીએસ શ્રીચક્ર ટાયર્સ કંપની દેશના વ્રુધ્ધિ અને વિકાસમાં મહત્વનો ફાળો આપ્યો છે.
2. ટીવીએસ શ્રીચક્ર ટાયર્સ કંપનીનું ભવિષ્ય સારું છે.
3. ટીવીએસ શ્રીચક્ર ટાયર્સ કંપનીનુ પર્ફોર્મન્સ પ્રગતિના પંથે છે.
4. ટીવીએસ શ્રીચક્ર ટાયર્સ કંપનીની નાણાકીય કામગીરી સારી છે.
5. ટીવીએસ શ્રીચક્ર ટાયર્સ કંપનીની નફાકારકતા સારી છે.
6. ટીવીએસ શ્રીચક્ર ટાયર્સ કંપનીની આર્થિક સધ્ધરતા સારી છે.

## સંદર્ભગ્રંથો


1. Desai, H.G and Desai, K.G. (1192). “Research Methodology and Techniques” Amadawad university, Granthnirman Board Gujarat state.
2. Economics and political weekly journal feb 17,2007
3. Finance India Vol., No. 3, 2003 Agrawal J.D.
4. Financial Management, text & problems M.Y.khan & P.K Jain (third edition)
5. India journal of Marketing September 2006
6. Indian express Magazine
7. Time of Economics Magazine
8. www.tvssrichakratyrescompany.com
9. www.economicstime.Indiatimes